# આવ ભાઈ હરખા !

–આશા વીરેન્દ્ર

ભીડભાડથી ભરેલું રેલવે સ્ટેશન. આખા દીવસમાં કેટલીય ટ્રેનો આવે ને જાય. કીડીયારાની જેમ ઉભરાતા લોકો પરસેવાથી રેબઝેબ અને સામાન ઉંચકીને થાકીને ઠુસ થઈ ગયેલા. પ્લૅટફૉર્મ પર ચા- કૉફીના, ખાણી–પીણીના, છાપાં–મેગેઝીનના કેટલાય સ્ટૉલ હતા; પણ બધામાં ફાસ્ટફુડના સ્ટૉલનો તો રુઆબ જ જુદો. બહાર પીત્ઝા, બર્ગર, પૉટેટો ચીપ્સ અને પેસ્ટ્રી તથા કેકનાં એવાં મોટાં મોટાં રંગીન ચીત્રો મુકેલાં કે જોઈને જ મોઢામાં પાણી આવી જાય. ન ખાવું હોય એનેય ખાવાનું મન થઈ જાય.

સ્ટૉલવાળાને વળી રમણ નામનો એવો એક ચાલાક છોકરો મળી ગયો હતો, જે આવતાં–જતાં લોકોને ‘આવો સાહેબ, આવો મૅડમ’ એમ લળી લળીને કહેતો અને એમને ફાસ્ટફુડ સેન્ટરમાં આવ્યે જ છુટકો કરતો. સ્ટૉલના માલીક પણ ક્યારેક કદરદાનીરુપે રમણને વધ્યાં–ઘટ્યાં બર્ગર કે ચીપ્સ પકડાવી દેતા. પણ એનો આધાર એમની મહેરબાની પર રહેતો. ક્યારેય કશું ન મળે તો રમણે પોતે જ ખાવાનો વેંત કરવો પડતો.

આજે શી ખબર ક્યાંથી બે ટાબરીયાં સ્ટૉલ આગળ આવીને ઉભાં રહી ગયાં. મેલાં–ઘેલાં કપડાં અને પગમાં તુટેલી સ્લીપર. બંને સ્ટૉલ પાસે ઉભાં રહીને રાડો પાડવા લાગ્યાં :

‘પુરી–ભાજી લેવી છે, પુરી–ભાજી ? દસ રુપીયામાં પુરી–ભાજી.’

નાનો છોકરો વળી વધુ ચબરાક હતો,

‘ટેસ્ટફુલ ને વળી તાજી, એવી છે અમારી પુરી–ભાજી. સાહેબ, ખાઈને પૈસા આપજો.’

રમણે જોયું ન જોયું કર્યું. છોને વેચતા પોતાનો માલ, એમ કરીને છોકરાઓની દયા પણ ખાધી. જેને ફાસ્ટ ફુડનું મોંઘુંદાટ ફુડ પરવડે એમ નહોતું એવાં લોકો આવી આવીને પુરી – ભાજી ખરીદવા લાગ્યાં. સ્ટૉલના માલીકે પોતાના કાઉન્ટર પરથી જોયું કે આ છોકરાઓને લીધે એની ઘરાકી તુટતી હતી. વળી, ભુખડીબારસ જેવા છોકરાઓને જોઈને થોડા શ્રીમંત ગ્રાહકો દરવાજામાંથી જ પાછા વળી જતા હતા. તરત એણે રમણને બોલાવીને ખખડાવવા માંડ્યો,

‘કેમ સાલા, તને અહીં નોકરીએ શેને માટે રાખ્યો છે ? ભજન કરવા ?’

‘શું થયું સાહેબ. મારી કંઈ ભુલ થઈ ?’

‘ના, ના, તારી તે કંઈ ભુલ થતી હશે? આ સ્ટૉલ મારો ને આ આલતુ–ફાલતુ છોકરાઓ અહીં આવીને પોતાનો ધંધો કરે એમાં ભુલ તારી કે મારી ?’

‘પણ સાહેબ, એ તો... એ તો...’

‘એ તો ને બે તો; હું કાંઈ ન જાણું. ખદેડી કાઢ એ બેયને અહીંથી. સારા સારા ઘરાકો પાછા જતા રહે છે. ભાન પડે છે કંઈ ?’

‘હમણાં બેઉને કાઢું છું સાહેબ, ચીંતા ન કરો.’

સાહેબ પાસે નરમઘેંસ બની ગયેલો રમણ શુરવીર બનીને બહાર નીકળ્યો, 'ચાલો, ભાગો જોઉં બેઉ અહીંથી ! કોને પુછીને અહીં ઉભા છો ? મારા માલીકની ઘરાકી બગાડો છો તે !'

બેઉ છોકરાઓ સીયાવીયા થઈ ગયા.

'આટલી પુરી–ભાજી વેચાઈ જાય એટલે હાલ્યા જઈશું, ભઈ ! ઘડીક ઉભા રે'વા દ્યો તો મે'રબાની !'

'ભઈ, અમારી મા માંદી છે. જેમ તેમ આટલી પુરી–ભાજી બનાઈ આલી છે'. નાનકાએ કહ્યું.

'હવે જાવ છો કે મારા શેઠને બોલાવું ? શેઠ આવીને એવી ધોલાઈ કરશે કે...' બેઉ છોકરાઓ ગભરાઈને ભાગ્યા. રમણ છાતી ફુલાવતો શેઠ પાસે ગયો અને પોતાની પરાક્રમગાથા વર્ણવતાં બોલ્યો,

'શેઠ ખદેડી મુક્યા બંનેને. તમારું નામ દીધુંને એટલે ઉભી પુંછડીએ ભાગ્યા.' શેઠે ખભો થાબડીને શાબાશી આપી એટલે રમણને થયું કે, આજે શેઠ વધુ મહેરબાન થશે. પછી તો આખો દીવસ એવો દોડધામમાં નીકળી ગયો કે કંઈ વીચારવાનીય ફુરસદ ન મળી. ગ્રાહકોને આવકારવાનાં, ટેબલ સુધી દોરી જવાનાં, ટેબલ સાફ કરવાનાં, પાણીના ગ્લાસ આપવાના – આ બધાંમાંથી કોઈ પણ કામ માટે રમણના નામની બુમ પડે ને રમણ દોડીને હાજર થઈ જાય !

જેમ જેમ રાત પડતી ગઈ તેમ તેમ અવરજવર ઘટવા લાગી, ઘરાકી ઓછી થતી ગઈ. અગીયાર–સાડા અગીયાર થયા ને સ્ટૉલનો સંકેલો કરવાનો સમય થઈ ગયો. બધું પતાવીને નીકળ્યો ત્યારે રમણ થાકીને લોથપોથ થઈ ગયો હતો. ભુખથી બેવડ વળી જવાતું હતું. છેક સુધી કંઈક તો મળશે, એવી આશા હતી; પણ જ્યારે શેઠ સ્ટૉલ બંધ કરીને ચાવીનો ઝુમખો લઈને ચાલવા લાગ્યા ત્યારે એ સમજી ગયો કે, હવે પેટનો ખાડો પુરવા પોતે જ કંઈક કરવું પડશે.

પાંઉ – વડાના સ્ટૉલ પર જઈ એણે ચાચાને પુછ્યું, 'ચાચા, કંઈ ખાવાનું છે ?'

'કંઈ નથી દીકરા. આ છેલ્લી ટ્રેન ગઈ એમાં બધો માલ વેચાઈ ગયો.'

'ચાચા, બપોરે બે છોકરાઓ અમારા સ્ટૉલ આગળ ઉભા હતા એને જોયા ?' ચાચાએ 'ના'માં ડોકું ધુણાવ્યું. રમણ નીરાશ થઈ ગયો. પેટમાં જાણે અગન બળતી હતી. બાજુમાં જ પેપર વેચતા અસલમને, પાણીની બૉટલ અને પાઉચવાળા મનીયાને બધાને પુછી વળ્યો; પણ કોઈએ છોકરાઓને જોયા નહોતા.

થાક્યાપાક્યા રમણે પ્લૅટફૉર્મ પર દુર સુધી નજર દોડાવી. એકદમ છેવાડે પાણીના નળ પાસે બન્ને છોકરાઓ દેખાયા ને એના જીવમાં જીવ આવ્યો. દોડીને એ એમની પાસે પહોંચ્યો ત્યારે બન્ને ભાઈઓ છાપાંના કટકામાં પુરી–ભાજી મુકીને ખાતા હતા.

'થોડી પુરી–ભાજી છે ?' બપોરે એમને ધમકાવ્યા હતા એ યાદ આવતાં રમણે કંઈક સંકોચથી પુછ્યું. પછી હાથમાંનો પાંચ રુપીયાનો સીક્કો બતાવતાં કહ્યું, 'મારી પાસે દસ રુપીયા નથી. અડધી પ્લેટ હોય તો આપોને ! બહુ ભુખ લાગી છે.' મોટા છોકરાએ એનો હાથ પકડીને બાજુમાં બેસાડતાં કહ્યું, 'મને ખબર છે, આખો દીવસ કામ કરીને આપણને બધાને કેવી ભુખ લાગે છે ! જે છે તે ત્રણે ભેળા મળીને ખાઈ લઈશું. પૈસા રહેવા દે તારી પાસે.'

(જ્ઞાનદેવ મુકેશની હીંદી લઘુકથાને આધારે)

તા. 16/02/2012ના 'ભુમીપુત્ર' પાક્ષીકના છેલ્લે પાનેથી સાભાર...

**–આશા વીરેન્દ્ર**

સર્જક–સમ્પર્ક :

બી–401, દેવદર્શન, હાલર, વલસાડ– 396 001

ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137

ઈ–મેઈલ : avs_50@yahoo.com

'હરીશ્ચન્દ્ર' બહેનોના દેહાવસાન પછી, વર્ષોથી 'ભુમીપુત્ર'ને છેલ્લે પાને આવતી વાર્તા આપવાનું કામ બહેન આશા વીરેન્દ્રે સંભાળ્યું છે. એમની પાસેથી હવે આપણને ગુજરાતી સીવાયની અન્ય ભાષાઓમાં રચાયેલી નાનકડી જીવનલક્ષી વાર્તાઓ નીયમીત મળતી રહેશે..

..ઉત્તમ ગજ્જર..

♦●♦

'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષઃ આઠમું - અંકઃ 261 – January 13, 2013

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

More than 1,82,00,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com
More than 16,00,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com
More than 3,90,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

@@@@@@@@@